JEE મેઈન સેશન-2 માટે એડમિટ કાર્ડ જાહેર

ફક્ત 2 અને 4 એપ્રિલના ઉમેદવારો માટે જ હાલ એડમિટ કાર્ડ ઉપલબ્ધ

સુરતઃ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા JEE મેઈન 2026ના બીજા સેશન માટે એડમિટ કાર્ડ જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. હાલ તબક્કાવાર રીતે ફક્ત 2 અને 4 એપ્રિલે પરીક્ષા આપનારા ઉમેદવારો માટે જ એડમિટ કાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

5 થી 8 એપ્રિલ દરમિયાન યોજાનારી પરીક્ષાઓ (પેપર-1 અને પેપર-2) માટેના એડમિટ કાર્ડ આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે. NTA દ્વારા આ તબક્કાવાર પદ્ધતિ અપનાવવામાં આવી હોવાથી વિદ્યાર્થીઓએ નિયમિત રીતે સત્તાવાર વેબસાઈટ તપાસવી જરૂરી બની છે. ઉમેદવારોને એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવા માટે એપ્લિકેશન નંબર, પાસવર્ડ અને સિક્યુરિટી પિન દાખલ કરવો ફરજિયાત છે. કોઈ પણ પ્રકારની ભૂલ ટાળવા માટે ઉમેદવારોએ પોતાના લૉગિન ક્રેડેન્શિયલ્સ તૈયાર રાખવા સૂચના આપવામાં આવી છે. પરીક્ષા બે શિફ્ટમાં યોજાશે. પ્રથમ શિફ્ટ સવારે 9 થી બપોરે 12 અને બીજી શિફ્ટ બપોરે 3 થી સાંજે 6 વાગે હશે. આ વર્ષે પણ JEE મેઈન 13 અલગ-અલગ ભાષાઓમાં યોજાશે, દેશભરના વિવિધ ભાષાકીય પૃષ્ઠભૂમિના વિદ્યાર્થીઓને સરળતા રહે. NTA દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે રજિસ્ટ્રેશન સમયે અપલોડ કરાયેલો ફોટો આઈડી પરીક્ષા કેન્દ્ર પર સાથે લાવવી ફરજિયાત રહેશે. સાથે QR કોડ અને બારકોડ સ્પષ્ટ દેખાય છે કે નહીં તે ચકાસવું પણ જરૂરી છે. માર્ગદર્શિકાનું પાલન ન કરનારને પરીક્ષા આપવા દેવામાં નહીં આવે તેવી શક્યતા છે.

આજે PM મોદી ગુજરાતમાં

રૂ.૨૦,૦૦૦ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, જેમાં ઊર્જા, રેલવે અને માર્ગ પરિવહનના મહત્ત્વના પ્રોજેક્ટો

ગાંધીનગરઃ પીએમ નરેન્દ્ર મોદી આવતીકાલે, ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ ગુજરાતની એક દિવસની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ રાજ્યના ઔદ્યોગિક, સાંસ્કૃતિક અને આંતરમાળખાકીય વિકાસને વેગ આપતા ૨૦,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. પીએમ નરેન્દ્ર મોદી દ્વારા કેન્દ્ર સરકારના ઊર્જા, રેલવે અને માર્ગ પરિવહન મંત્રાલય હેઠળના મહત્ત્વના પ્રોજેક્ટ્સ ખુલ્લા મુકવામાં આવશે. ગ્રામીણ વિકાસને વેગ આપતા પીએમ નરેન્દ્ર મોદી 'પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)' અંતર્ગત રાજ્યના ૩૪ જિલ્લાઓમાં નવનિર્મિત ૩૮,૯૪૯ આવાસોમાં લાભાર્થીઓનો ગૃહપ્રવેશ કરાવશે. આ સિવાય જળ સંસાધન, આરોગ્ય, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના અનેક જનહિતલક્ષી કાર્યોની ભેટ પણ રાજ્યને મળશે.

કોબા તીર્થ ખાતે 'સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય'નું ખુલ્લો મુકશે

મહાવીર જયંતિના પવિત્ર અવસરે વડાપ્રધાન ગાંધીનગરના કોબા તીર્થ ખાતે 'સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય'નું ઉદ્ઘાટન કરશે. વિશેષતાઃ સાત ગેલેરીઓમાં વિભાજિત આ સંગ્રહાલયમાં ૨૦૦૦થી વધુ દુર્લભ જૈન કલાકૃતિઓ, પ્રાચીન હસ્તપ્રતો અને શિલ્પો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આધુનિકતાઃ પરંપરાગત પ્રદર્શનોની સાથે અહીં ડિજિટલ અને ઓડિયો-વિઝ્યુઅલ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે મુલાકાતીઓને જૈન ધર્મના ઇતિહાસની ઊંડી સમજ આપશે.

રોડ, હાઈવે, ઊર્જા. રેલવે સહિતના વિકાસ પ્રોજેક્ટ

વડાપ્રધાન વાવ-થરાદ ખાતે એક વિશાળ જાહેર સભાને સંબોધશે અને અનેક મોટા પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશેઃ રોડ અને હાઇવેઃ રૂ.૫,૧૦૦ કરોડના ખર્ચે બનેલા અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન થશે. સાથે જ ગાંધીનગર-કોબા-એરપોર્ટ રોડ પર નવા ફ્લાયઓવરનું લોકાર્પણ કરાશે. ઊર્જા ક્ષેત્રઃ રૂ.૩,૬૫૦ કરોડના ખર્ચે ખાવડા પૂલિંગ સ્ટેશન-૨ અને ટ્રાન્સમિશન સિસ્ટમનું ઉદ્ઘાટન, જે ૪.૫ GW રિન્યુએબલ એનર્જીના વહન માટે સક્ષમ છે. રેલવેઃ કનાલાસ-જામનગર ડબલિંગ પ્રોજેક્ટ અને હિમતનગર-ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝનનું લોકાર્પણ. વડાપ્રધાન ખેડબ્રહ્મા-અસારવા ટ્રેનને લીલી ઝંડી આપશે. જળ વ્યવસ્થાપનઃ બનાસકાંઠા અને પાટણ માટે કસારા-દાંતીવાડા અને ડિંડ્રોલ-મુક્તેશ્વર પાઇપલાઇન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરાશે. શહેરી અને આરોગ્ય વિકાસઃ રાજ્યભરમાં રૂ.૫,૩૦૦ કરોડના ૪૪ શહેરી પ્રોજેક્ટ્સ તેમજ અમદાવાદ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં 'રેન બસેરા' (આશ્રયસ્થાન)નું ઉદ્ઘાટન. પ્રવાસનઃ પાટણની રાણકી વાવમાં લાઇટ એન્ડ સાઉન્ડ શો અને વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે વોટર સ્ક્રીન પ્રોજેક્શન શોનું લોકાર્પણ.

સાણંદ GIDCમાં 'કેન્સ સેમિકોન પ્લાન્ટ'નું ઉદ્ઘાટન કરશે

માઇક્રોન બાદ ભારતમાં કોમર્શિયલ પ્રોડક્શન શરૂ કરનારી આ બીજી સેમિકન્ડક્ટર સુવિધા હશે. અહીં એડવાન્સ્ડ ઇન્ટેલિજન્ટ પાવર મોડ્યુલ્સ (IPMs)નું ઉત્પાદન થશે, જે ઓટોમોટિવ અને ઇન્ડસ્ટ્રિયલ એપ્લિકેશન્સમાં વપરાય છે.

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના

4 વિષયની પ્રોવિઝનલ આન્સર કી જાહેર

કોઈ વાંધો કે રજૂઆત 4 એપ્રિલ સુધી ઈ-મેઈલ દ્વારા જ સ્વીકારાશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026 દરમિયાન લેવામાં આવેલી ધો.12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના ચાર મુખ્ય વિષયોની પ્રોવિઝનલ આન્સર કી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

શિક્ષણ બોર્ડના સચિવ આર. આર. વ્યાસએ જણાવ્યું હતું કે, માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026 દરમિયાન લેવામાં આવેલી ધોરણ- 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયોના પ્રશ્નપત્ર સેટ નંબર 1થી 20 માટેની આન્સર કી તૈયાર કરવામાં આવી છે. આ કી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમના નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓ અથવા સંબંધિત વ્યક્તિઓને આ પ્રોવિઝનલ આન્સર કી અંગે કોઈ વાંધો કે રજૂઆત કરવી હોય તો તેઓ બોર્ડની વેબસાઈટ પર આપેલા નિયત ફોર્મેટમાં વિષયવાર અને માધ્યમવાર પ્રશ્ન દીઠ અલગ-અલગ રજૂઆત 4 એપ્રિલ 2026ના સાંજે 5:00 વાગ્યા સુધી gshsebsciencekey@gmail.com ઈ-મેઈલ દ્વારા જ સ્વીકારવામાં આવશે. દરેક પ્રશ્ન માટે રજૂઆત કરતી વખતે રૂપિયા 500ની ફી SBI બેંકમાં ચલણ દ્વારા જમા કરાવવાની રહેશે. શિક્ષણ બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે, ઈમેલ સિવાયની અન્ય કોઈ રજૂઆત માન્ય ગણાશે નહીં.

એકસાથે 3 સિસ્ટમ સક્રિય, 5 એપ્રિલ સુધી 'માવઠા'ની આગાહી

આગામી દિવસો માટે 'યલો એલર્ટ'

અમદાવાદઃ ગુજરાતમાં ભરઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઇન એમ એકસાથે ત્રણ સિસ્ટમ સક્રિય થવાને કારણે આગામી ૫ એપ્રિલ સુધી વાતાવરણમાં મોટો પલટો આવવાની શક્યતા છે. આ દરમિયાન અનેક જિલ્લાઓમાં ગાજવીજ અને તેજ પવન સાથે ક્રમોસમી વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ઉત્તર ઈરાન અને કેસ્પિયન સમુદ્ર પર સર્જાયેલું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને પંજાબ-હરિયાણા પરનું સાયક્લોનિક સર્ક્યુલેશન હવે ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે.

આ સિવાય અરબી સમુદ્રમાંથી આવતા ભેજવાળા પવનોને કારણે ટ્રફ લાઇન સક્રિય થઈ છે, જે રાજ્યમાં વરસાદી માહોલ બનાવી રહી છે.

આ વિસ્તારોમાં વરસાદની વકી

●-૩૧ માર્ચ, ૨૦૨૬ (યલો એલર્ટ): ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ અને સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, મોરબી, દ્વારકા અને કચ્છમાં ૩૦-૪૦ કિમીની ઝડપે પવન સાથે હળવો વરસાદ પડી શકે છે. ●-૨ એપ્રિલ, ૨૦૨૬: ફરી એકવાર નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં નર્મદા, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ સહિત કચ્છ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ●-૩ એપ્રિલ, ૨૦૨૬: ઉત્તર ગુજરાત અને કચ્છમાં વરસાદી રાઉન્ડ ચાલુ રહેવાની સંભાવના છે.

સુરતના તાપમાનમાં બે ડિગ્રીનો વધારો

સુરત શહેરમાં ઉનાળાનો તાપ હવે ફરી તેજ બનતો જોવા મળી રહ્યો છે. આજે શહેરનું મહત્તમ તાપમાન બે ડિગ્રીનો વધારો નોંધાવતા ૩૭.૨ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. શહેરમાં આજે સવારના સમયે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું, જેના કારણે થોડો સમય ગરમીમાંથી રાહતનો અનુભવ થયો હતો. જોકે બપોર બાદ તડકો તેજ બનતાં ગરમી ફરી આકરો સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. બીજી તરફ રાજ્યના અનેક જિલ્લાઓમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. પરંતુ સુરત શહેર માટે હાલ માત્ર આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની જ આગાહી કરવામાં આવી છે અને વરસાદની કોઈ ખાસ શક્યતા દર્શાવવામાં આવી નથી.

તાપી જિલ્લા માટે રૂ.૧૬૦૦ કરોડની દિવાળી

મુખ્યમંત્રી દ્વારા ૧૬૫ ગામની તરસ છીપાવતી સિંચાઈ યોજનાઓનું લોકાર્પણ

ગાંધીનગર, વ્યારાઃ સીએમ ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા તાપી જિલ્લાના આદિજાતિ વિસ્તારો માટે વિકાસના મહત્ત્વના પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું છે. ઉકાઈ જળાશય આધારિત અંદાજિત રૂ.૧૬૦૦ કરોડથી વધુના ખર્ચે સાકાર થનારી વિવિધ ઉદ્વહન સિંચાઈ યોજનાઓનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રકલ્પોથી દક્ષિણ ગુજરાતના ડુંગરાળ વિસ્તારોના હજારો ખેડૂતોની ખેતી સમૃદ્ધ બનશે. મુખ્યમંત્રીએ રૂ.૯૬૨.૧૨ કરોડના ખર્ચે પૂર્ણ થયેલી સોનગઢ, ઉચ્છલ અને નિઝર ઉદ્વહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ કર્યું હતું.આ યોજનાથી સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકાના કુલ ૧૩૬ ગામોને સીધો ફાયદો થશે. આશરે ૨૮,૦૦૦ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળતા ખેડૂતો હવે બારેમાસ પાક લઈ શકશે.

તાપી મૈયાના નીરના વધામણા

ઉચ્છલ તાલુકાના બાબરઘાટ ખાતે આયોજિત કાર્યક્રમમાં પ્રભારી મંત્રી નરેશ પટેલ, રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ અને ડો. જયરામ ગામીતે ઉપસ્થિત રહી તાપી મૈયાના નીરના વધામણા કર્યા હતા. રાજ્ય સરકારના મંત્રીઓએ ખેડૂતોને ડ્રિપ ઇરિગેશન (ટપક સિંચાઈ) પદ્ધતિ અપનાવવા અને સરકારની સબસિડીનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

ગંગાધરા ખાતે પ્રથમ 'ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ' કાર્યરત

પશ્ચિમ રેલવેના GM પ્રદીપ કુમારે કન્ટેનર ટ્રેનને લીલી ઝંડી આપી ઉદ્ઘાટન કર્યું, માત્ર 8 મહિનાના રેકોર્ડ સમયમાં પ્રોજેક્ટ પૂર્ણ

સુરતઃ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર પ્રદીપ કુમારે સુરત નજીક ગંગાધરા રેલવે સ્ટેશન ખાતે નવનિર્મિત 'ગતિ શક્તિ મલ્ટી-મોડલ કાર્ગો ટર્મિનલ' (GCT)નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ટર્મિનલ પરથી પ્રથમ કન્ટેનર ટ્રેનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

રેલવેની જમીન પર વિકસિત આ ટર્મિનલ માટે જે વર્ષે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું, તે જ નાણાકીય વર્ષમાં માત્ર 8 મહિનાના ટૂંકા ગાળામાં તેનું નિર્માણ કાર્ય પૂર્ણ કરી તેને કાર્યરત કરવામાં આવ્યું છે. આ ટર્મિનલ અંદાજે 44,000 ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં ફેલાયેલું છે, આ પ્રોજેક્ટ પશ્ચિમ રેલવેના મુંબઈ વિભાગ અને મેસર્સ પ્રિસ્ટિન કનેરિયા લોજિસ્ટિક્સ પાર્ક પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યો છે.

સુરત અને આસપાસના સ્ટીલ, કાપડ, સિમેન્ટ, કેમિકલ્સ અને ખાતર જેવા ઉદ્યોગોને હવે તેમનો કાચો માલ મંગાવવા કે તૈયાર માલ દેશના અન્ય ભાગોમાં મોકલવા માટે રેલવેની સીધી અને ઝડપી કનેક્ટિવિટી મળશે.

જનરલ મેનેજર પ્રદીપ કુમારે જણાવ્યું હતું કે, આ કાર્ગો ટર્મિનલ માલસામાનના પરિવહનમાં ગતિ આવશે, જે અંતે દેશના અર્થતંત્રને મજબૂત બનાવવામાં ફાળો આપશે.

પીપોદરામાંથી ગેરકાયદે જંતુનાશક દવા પકડાઈ

લાઇસન્સ વિના ઉત્પાદન અને સંગ્રહઃ અધિકારીઓની સંયુક્ત કાર્યવાહી

સુરતઃ સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના પીપોદરા ગામ સ્થિત હાઈબોન્ડ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ગેરરીતિથી જંતુનાશક દવાનો સંગ્રહ અને ઉત્પાદન થતું હોવાનો મોટો ભંડાફોડ થયો છે. ખેતી વિભાગની સંયુક્ત સ્ક્વોડ ટીમે 26 માર્ચ, 2026ના રોજ અચાનક તપાસ હાથ ધરી આ એક સ્થળ માટે લીધું હોવા છતાં અન્ય સ્થળે જંતુનાશક દવાઓનો સંગ્રહ કર્યો હતો. ઉપરાંત સ્ટોક રજિસ્ટર અધૂરા રાખવામાં આવ્યા હતા અને વેચાણ બિલોમાં જરૂરી વિગતોનો અભાવ હતો. ટીમે સ્થળ પરથી "ડિલાઈટ" બ્રાન્ડના ટોપરામીઝોન આધારિત હર્બિસાઈડના 650 બોક્સ, તેમજ 1850 ખાલી બોક્સ પણ જપ્ત કર્યા હતા. આ દવાઓ માટે જરૂરી કાર્યવાહી કરી હતી.

તપાસ દરમિયાન ખુલ્યું કે સંકળાયેલા લોકોએ લાઈસન્સ પરિસ્થિતિમાં પ્રોડક્શન કાપ જરૂરી બની ગયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે હવે તમામ વિવર્સ પોતાની ફેક્ટરીઓને માત્ર 12 કલાક એટલે કે એક પાળી સુધી જ ચલાવે. આ પગલાંથી ઉત્પાદન નિયંત્રિત થશે અને બજારમાં સંતુલન જળવાઈ રહેશે. સાથે સાથે કામદારોને પણ રોજગાર જાળવી રાખવામાં મદદ મળશે અને ઉદ્યોગને આ વિકટ પરિસ્થિતિમાંથી બહાર કાઢવામાં સહાય મળશે.ફોગવા દ્વારા તમામ વિવર્સને આ નિર્ણયનું કડક પાલન કરવાની અપીલ કરવામાં આવી છે. જીરાવાળાએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે એક પાળીના પ્રોડક્શન કાપનો લાંબા ગાળે ઉદ્યોગને ફાયદો થશે. ભવિષ્યમાં પરિસ્થિતિ સુધરે ત્યારે પ્રોડક્શન ફરી શરૂ કરવા અંગે એસો. દ્વારા સમયસર જાણ કરવામાં આવશે. ઉદ્યોગ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ આ નિર્ણયથી બજારમાં માંગ-પુરવઠાનો સંતુલન જળવાઈ રહેવાની શક્યતા છે અને કાપડ ઉદ્યોગને હાલની વૈશ્વિક પરિસ્થિતિમાં સંભાળવા માટે આ પગલું મહત્વપૂર્ણ સાબિત થશે.

પોલીસ ફરિયાદ નોંધાઈ

ખેતી અધિકારી રાકેશ વસાવાની ફરિયાદના આધારે પાલોદ પોલીસ સ્ટેશનમાં માલિક/ભાગીદારો કિશોરભાઈ ઢોલરીયા અને જીવણભાઈ ધામેલીયા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટનાએ કૃષિ ક્ષેત્રમાં ગેરરીતિથી બનતા અને વેચાતા જંતુનાશક દવાઓના જોખમોને ફરી એકવાર પ્રકાશમાં લાવ્યા છે. ખેડૂતોએ આવી ગેરકાયદે દવાઓથી દૂર રહેવાની જરૂરિયાત પર પણ ભાર મુકાયો છે.

CIB (Central Insecticides Board) રજિસ્ટ્રેશન લેવામાં આવ્યું નહોતું. આ સમગ્ર મામલે જંતુનાશક દવાના નિયમો-1971ના નિયમ 10(3) અને 15નો ભંગ થયો હોવાનું સામે આવ્યું છે. અધિકારીઓએ જપ્ત કરાયેલા દવાના નમૂનાઓ સેન્ટ્રલ ઈન્સેક્ટિસાઈડ લેબોરેટરી, ફરીદાબાદ ખાતે પરીક્ષણ માટે મોકલ્યા છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

સુરતથી નવસારી...

આગળ વધશે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સીઆરપાટીલ અને ચોર્યાસીના ધારાસભ્ય સંદિપ દેસાઈની રજૂઆતને પગલે રાજ્ય સરકારે ટેન્ડર પણ ઇશ્યૂ કરી દીધું છે.

ધારાસભ્ય સંદિપ દેસાઈએ સુરત એપીએમસી.ની સ્થાપનાના 75 વર્ષ પૂર્ણ થયાના અભિવાદન કાર્યક્રમમાં પત્રકારોને જણાવ્યું હતું કે,'ચાલુ વર્ષે ચોમાસા પછી 24 મહિનામાં 4-લેન રસ્તો હાઇટેક બનાવી 6-લેન બનાવવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને કરવામાં આવેલી રજૂઆતને પગલે સુરત ઇકોનોમિક રિજિયન (SER)અંતર્ગત પ્રોજેક્ટને મંજૂરી આપી દેવામાં આવી છે. આ નિર્ણયને પગલે રોજ 25,000 વાહનોની અવર જવરથી ધમધમતા રસ્તા પર વાહનચાલકોને ટ્રાફિકજામથી મુક્તિ મળશે. આ પ્રોજેક્ટ અંતર્ગત 14 કિલોમીટરના રસ્તાને 4-લેનમાંથી 6-લેનમાં તબદીલ કરવામાં આવશે. એ માટે રાજ્ય સરકાર દ્વારા રૂપિયા 945.92 કરોડનું ફંડ ફાળવવા વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે ધારાસભ્ય સંદીપ દેસાઈએ સતત ફોલોઅપ લીધું હતું. તેમણે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલને આ અંગે સચોટ રજૂઆત કરી હતી.

સુરતથી નવસારીના માગ્ર પર રોજ 25 હજાર વાહનો પસાર થાય છે, નજીકના ઉદ્યોગોને ભારે ફાયદો થશે

સુરત અને નવસારીને જોડતા આ મુખ્ય માર્ગ પરથી રોજિંદા 25,000થી 27,000 જેટલા વાહનો પસાર થાય છે. વિશેષ રૂપે સચિન GIDC, પાંડેસરા જીઆઈડીસી, ભેસ્તાન, ઉનમાં આવેલા ઉદ્યોગો, હોજીવાલા ઇન્ડસ્ટ્રિયલ, હજીરાની હાડા વિસ્તારની મેગા કંપનીઓ, હજીરા પોર્ટને લીધે ભારે માલવાહક વાહનોની અવર જવર સતત વધી રહી છે, એને લીધે ટ્રાફિક જામની સમસ્યા રોજિંદી બની છે. પીક અવર્સમાં ટ્રાફિકના કારણે ભારે હાલાકી ભોગવવી પડે છે. કેટલીકવાર એક થી દોઢ કિલોમીટરનો રસ્તો કરોડ કરવા 30 થી 60 મિનિટ લાગે છે. 6-લેન હાઈસ્પીડ કોરિડોર બનવાથી ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

સુરત ઇકોનોમિક રિજિયન અંતર્ગત 6-લેન હાઈસ્પીડ કોરિડોરને લીધે આ લાભો થશે

» પ્રાદેશિક જોડાણમાં સુધારો કરવા આ પ્રોજેક્ટ દક્ષિણ ગુજરાતના મુખ્ય ઔદ્યોગિક શહેરો જેવા કે વલસાડ, વાપી, નવસારી અને સુરતને એક અત્યાધુનિક માર્ગ પ્રણાલીથી જોડશે. આ માર્ગ સમગ્ર પ્રદેશના આર્થિક એકીકરણ માટે કરોડરજ્જુ સમાન સાબિત થશે.

» 4 લેન 6 લેનમાં તબદીલ થવાથી સુરત અને નવસારીની વચ્ચે થતા ભારે ટ્રાફિક જામમાં નોંધપાત્ર ઘટાડો થશે. સ્થાનિક વાહનો અને લાંબા અંતરના વાહનોના સ્તર અલગ થવાથી વાહનવ્યવહાર અત્યંત સુગમ અને ઝડપી બનશે.

» ઔદ્યોગિક પરિવહનને વેગઃ સચિન GIDC અને હજીરા પોર્ટ જેવા મહત્વના ઔદ્યોગિક કેન્દ્રો આ માર્ગ સાથે સીધા જોડાયેલા છે. એલિવેટેડ કોરીડોર અને ફોર લેનમાંથી સિક્સ લેનના નિર્માણથી માલવાહક ટ્રકો અને કન્ટેનરોની અવરજવર અવરોધ વિના થશે, જે ઉદ્યોગોની કાર્યક્ષમતામાં અને નિકાસમાં વધારો કરશે.

» સમય અને ઈંધણની મોટી બચતઃ હજારો નોકરિયાતો અને વેપારીઓ દરરોજ નવસારી અને સુરત વચ્ચે અવરજવર કરે છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી મુસાફરીના સમયમાં અંદાજે 30 થી 60 મિનિટનો ઘટાડો થશે અને વારંવારના 'સ્ટોપ-એન્ડ-ગો' ટ્રાફિકને કારણે થતા ઈંધણના બગાડ અટકશે.

» પર્યાવરણ પર સકારાત્મક અસરઃ ટ્રાફિક જામમાં ઊભા રહેલા વાહનો વધુ કાર્બન ઉત્સર્જન કરે છે. વાહનોની સતત અને સ્થિર ગતિને કારણે વાયુ પ્રદૂષણમાં ઘટાડો થશે અને અવાજનું પ્રદૂષણ પણ નિયંત્રિત થશે, જે આસપાસના રહેણાંક વિસ્તારો માટે આશીર્વાદરૂપ બનશે.

» રિયલ એસ્ટેટ અને શહેરી વિકાસઃ આ એલિવેટેડ કોરીડોર અને ફોર લેનમાંથી સિક્સ લેનના નિર્માણથી સચિન અને નવસારી વચ્ચેના વિસ્તારોમાં વિકાસની નવી તકો ઊભી થશે. રસ્તાની આસપાસના વિસ્તારોમાં ટાઉનશિપ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને વેરહાઉસિંગ સુવિધાઓનો ઝડપી વિકાસ થશે, જેનાથી જમીનના મૂલ્યમાં વધારો થશે.

ચોર્યાસી તાલુકાના...

પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ વિસ્તારોમાં રોડની આસપાસના રહીશો અને ખેડૂતોને વિશ્વાસમાં લઈને વળતરની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. જમીન સંપાદન બાદ રોડની પહોળાઈ વધતા આ ગામોની આસપાસના વિસ્તારોમાં ટાઉનશિપ અને કોમર્શિયલ હબના વિકાસની નવી તકો ઊભી થશે.હોટેલ,રેસ્ટોરન્ટ,મોલ સહિતની યુટિલિટી શરૂ થશે.

આ હાઈસ્પીડ...

કનેક્ટિવિટીની સૂરત બદલી નાખશે. આ માર્ગ સીધો જ નવસારી અને બીલીમોરા જેવા વિકસતા શહેરો અને ગણદેવી જેવા કૃષિ અને વેપારી કેન્દ્રોને સુરત સાથે હાઇટેક લિંક પૂરી પાડશે.સાથે સાથે વલસાડ અને વાપી જેવા કેમિકલ અને એન્જિનિયરિંગ હબ ને જોડશે. એનાથી ઉદ્યોગોની કાર્યક્ષમતા વધશે,ડોમેસ્ટિક અને નિકાસ લક્ષી ઔદ્યોગિક ગતિવિધિ આ રૂટ પર વધશે.એની નજીક રહેનારા લોકોને રોજગારીનો મોટો લાભ થશે.

શું છે...

કિ.મી. લંબાઈનો ભવ્ય એલિવેટેડ કોરિડોર બનાવવામાં આવશે.

- ફ્લાયઓવર અને બ્રિજઃ મરોલી જંક્શન પર નવો ફ્લાયઓવર અને મીંઢોળા નદી ઉપર મોટો મેજર બ્રિજ બનાવવાનું આયોજન છે. આ ઉપરાંત 8 નાના બ્રિજ પણ બનશે.
- **અંડરપાસઃ** વાહનોની સરળ અવરજવર માટે સચિન-પારડી આલ્ફા હોટેલ પાસે, લાજપોર અને કપલેથા પાસે 2 VUP (Vehicular Underpass) અને 1 લાઈટ વ્હીકલ અંડરપાસ બનાવવામાં આવશે.
- **લેન અપગ્રેડેશનઃ** સચિનથી નવસારીને જોડતા ૧૪.૩ કિ.મી.ના માર્ગને હાઈટેક ૬-લેનમાં ફેરવવામાં આવશે.
- મરોલી જંક્શન ઉપર મરોલી ફ્લાયઓવર બનશે.
- મીંઢોળા નદી ઉપર મીંઢોળા મેજર બ્રિજ બનાવવામાં આવશે.
- સચીનથી નવસારીને જોડતા 14.3 કી.મી. લંબાઈના રસ્તાને ફોર લેન થી સિક્સ લેનમાં અપગ્રેડ કરવામાં આવશે.
- સુરત અને નવસારી જિલ્લા મળીને કુલ 8 માઈનોર બ્રિજ બનાવવામાં આવશે.
- આ પ્રોજેક્ટ હેઠળ રોડ કનેક્ટિવિટી સુરતના સચિનથી બીલીમોરા સુધી અપગ્રેડ થશે.
- નવસારીના જલાલપોર તાલુકાના વાસીબોરસીમાં તૈયાર થઈ રહેલા પીએમ. મિત્રા મેગા ટેક્સટાઇલ પાર્ક સીધી રોડ કનેક્ટિવિટી આપવામાં આવશે.
- સચિન -પારડી કણદે પાસે આલ્ફા હોટલ પાસે વ્હીકલ અંડર પાસ,1 લાજપોર અને 1 કપ્લેથા ગામે એલિવેટેડ બ્રિજ બનશે.
- મરોલી પાસે ફ્લાય ઓવર, મીંઢોળા બ્રિજ પર બીજો બ્રિજ, લાજપોર પાસે કુલ કિમી, 14 કિમી રસ્તો અને 2 કિમી એલિવેટેડ બ્રિજ બનશે.

પિતાનો 12...

મકાનમાં વસવાટ શરૂ કર્યો હતો. પરિવારમાં ૧૨ વર્ષની સગીર બાળકી પણ રહેતી હતી. દરમિયાન ૩૫ વર્ષીય સગા પિતાની જ દીકરી ઉપર દાનત બગડતાં તેણે વારંવાર પોતાની સગી દીકરી સાથે ઘરમાં જ દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. અચાનક બાળકીના પેટમાં ભારે દુખાવો ઉપડતાં પરિવારજનોએ તેને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડી હતી. તપાસ દરમિયાન બાળકી ગર્ભવતી હોવાનું સામે આવતાં તબીબો અને પોલીસ તંત્ર પણ ચોંકી ઊઠ્યું હતું. બાદ બાળકીની પૂછપરછ કરતાં સગા પિતા દ્વારા જ દુષ્કર્મ કરવામાં આવતું હોવાનો ભેદ ખૂલ્યો હતો. ઘટનાની ગંભીરતા સમજી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આરોપી પિતાની ધરપકડ કરી હતી. પોલીસ દ્વારા આરોપી સામે બળાત્કાર તથા પોક્સો અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. પીડિત બાળકી હાલ ભરૂચ સિવિલ હોસ્પ